Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# પર્યાવરણ અને વિકાસ

**મનીષ. વી. પટેલ ***

**<u>પ્રસ્તાવના</u>:**

પર્યાવરણ માનવી અને વિકાસ એકબીજા સાથે જોડાયેલા છે. માનવી પોતાના વિકાસની સાથે સાથે પોતાના લાભાર્થે પર્યાવરણનો સતત ઉપયોગ કર્યો છે. પર્યાવરણને તેના લાભ માટે અનુકુળ બનાવ્યું છે આથી તે પૃથ્વી પરનું સર્વશ્રેષ્ઠ સજીવ છેમાનવીએ પર્યાવરણનો કુશળતા પૂર્વક ઉપયોગ કરી હવા પાણી, ખોરાક, આશ્રય અમને જીવન જરૂરિયાતની મોટા ભાગની ચીજવસ્તુ કુદરતી પર્યાવરણમાંથી પ્રાપ્ત કરીઅને માનવીએ પોતાનો વિકાસ કર્યો છે. માનવી વિકાસની જંખનામાં જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તે વધુ ને વધુ પર્યાવરણનો ઉપયોગ કરતો ગયો અને આમ પોતાના વિકાસ માટે કુદરતી પર્યાવરણ પાસેથી જરૂરિયાત કરતાં વધુ ને વધુ મેળવતો ગયો અને પોતાનો વિકાસ સાધતો ગયોપરિણામે પર્યાવરણ અને વિકાસની સમતુલા ખોરવાઈ જેના લીધે અનેક સમસ્યાઓ ઉભી થઇ જેવી કે પ્રદૂષણ, કુદરતી આપત્તિઓ, અકસ્માતો, ભૂખમરો, ભ્રષ્ટાચાર વગેરેમાં વધારો થતો ગયો. આમ માનવીએ પોતાના વિકાસ માટે બહુમાળી ઈમારતોનું નિર્માણ કર્યું વિશાલ રસ્તા બનાવ્યા, વિષન જળાશયો ની રચના કરી, ભૌતિક સુવિધાઓ ઉભી કરી પોતાના મોજ શોખ માટે પ્રાણી સૃષ્ટિનો ઉપયોગ કર્યો, વનસ્પતિ સૃષ્ટિનો પણ વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો અને પર્યાવરણના ભોગે વિકાસ સાધ્યો.

માનવી એ આજે વિકાસ તો સાધ્યો પણ પર્યાવરણનું રક્ષણ કરવાનું પાછળ છોડી ગયો. પરિણામે પર્યાવરણ પર પ્રદૂષણની અસર આજે જોવા મળે છે અને એજ પ્રદૂષણ આજે માનવીના જીવન માટે જોખમ કારક બની ગયું છે. આમ આજના સમયમાં પર્યાવરણ અને વિકાસની સમતુલા ખોરવાઈ છે તેની વિપરીત અસરો માટે આપણે જ ભોગવવું ઓઅડશે તો આ અંગે એક વિવર્ણ નીચે મુજબ છે. તેના અનુસંધાને આપણે પર્યાવરણ એટલે શું?, વિકાસ એટલે શું ? અને ૨૧ મી સદીમાં ટકાઉ વિકાસ અને પર્યાવરણ ની સમતુલા જાળવવા વિષે અભ્યાસ કરીશું.

---

***મનીષ. વી. પટેલ ,બી. એડ કોલેજ પીપળીયા**

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

⌗ **પર્યાવરણ અને વિકાસ : (Environment and Development)**

આજના આધુનિક યુગમાં કમ્પ્યુટર શિક્ષણ વસ્તી શિક્ષણ, ઉર્જા શિક્ષણ, પર્યાવરણ શિક્ષણ જેવા નવા ક્ષેત્રો તરફ અભ્યાસીઓ આકર્ષાયા છે. નવા અભ્યાસક્રમોની સંરચના કરનારાઓએ આ પ્રકારના નવા વિષયો ના સ્વરૂપ, કાર્યક્ષેત્ર જેવા એકમોને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું છે પર્યાવરણની જાળવણી અને તે માટેના માનવ કાર્ય તરફ અંગૂલી નિર્દેશ કરતો વિષય એ પર્યાવરણ શિક્ષણ છે.

⌗ **પર્યાવરણ નો અર્થ (Meaning of Environment) :**

પર્યાવરણ શબ્દના અર્થ બાબતે સામાન્ય માનવીના મનમાં ગૂંચવાડો છે કેટલાંકના માટે હવા અને પાણી, જંગલો તો કેટલાંક સમજે છે આજુબાજુનું વાતાવરણ એટલેપર્યાવરણ "પર્યાવરણ" શબ્દ પોતે સ્વયમ અર્થ સૂચક છે જે સમજીએ.પર્યાવરણ,

પરિ + આવરણ ચારે તરફનું પૃથ્વીનું પડ / આચ્છાદન આમ, પર્યાવરણ એટલે પૃથ્વીની સપાટીએ ઉંચે આકાશ સુધી વિસ્તરેલા આવરણોનું મિશ્રણબીજા શબ્દોમાં કહીએ તો બધી દિશાઓથી આવૃતકરવા વાળા તત્વોનું સામુહિકસ્વરૂપ એટલે પર્યાવરણ. પણ અહી પ્રાપ્ત થાય છે કે કોણ ચારે દિશાઓથી ઘેરાયેલું છે? તેમાં ઉતરમાં કહી શકાય કે આખી પૃથ્વી વાયુ મૃદાવર્ણ, જલાવરણ, જીવાવરણથી ઘેરાયેલી છે. આનાથી બનતા સમવાય એકમની રચનાને પર્યાવરણ કહેવાય.

⌗ **પર્યાવરણની વ્યાખ્યા :**

પર્યાવરણમાં પાણી, હવા, જમીન, માનવો અન્ય જીવંત પ્રાણીઓ, વનસ્પતિઓ તેમજ અત્યંત સુક્ષ્મ જીવસૃષ્ટિ અને મિલકત વચ્ચે અસ્તિત્વ ધરાવતા તેઓના અંતરીક સબંધોનો સમાવેશ થાય છે.(પર્યાવરણ સુરક્ષા ધારો (1986) કલમ-20

⌗ **વિકાસ એટલે શું ?**

"વિકાસ" એ પરિવર્તનનો સૂચક છે વિકાસની સંકલ્પના માનવ સમાજની પ્રગતિ સાથે બદલાતી રહે છે.પ્રાચીન સમયમાં વિકાસનો અર્થ સંકુચિત કટો વિકાસ એટલે માનવીને પ્રાપ્ત થતી ભૌતિક સુવિધા અને સુખમાં વધારો એમ માનવામાં આવતું હતુંપરંતુ આ પ્રકારની સુખ – સુવિધામાં વધારો કુદરતીસંપતિનો નાશ થાય છે. પર્યાવરણની સમતુલાની ઉપેક્ષા કરી

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

આર્થિક વિકાસના દરને જ વિકાસ માની લેવાની ભૂલ આપણે લાંબો સમય કરી ઉઅવે પર્યાવરણના પરીપેશ્યમાં વિકાસની પરિભાષા બદલવાની ફરજ પડી છે. ઘણાં સમય સુધી માનવીએ પોતાની વિકાસ પ્રક્રિયા દરમ્યાન કોઈ પણ વળતર ચૂકવ્યા વગર કુદરતી સંપતિનો બે લગામ – અવિસારી રીતે ઉપયોગ કર્યો છે. સ્વ. રાજીવ ગાંધી (ભૂતપૂર્વ વડાપ્રધાન) કહેતા કે આપણે નુકશાન વેહીને એવો બોધપાઠ મેળવ્યો છે કે પર્યાવરણના ભોગે કરાતો વિકાસ છેવટે તો વિકાસનો જ નાશ કરે છે. આજે આપણને પર્યાવરણના સરક્ષણ સાથે ના વિકાસ અંગે વિચારવાની ફરજ પડી છે. પર્યાવરણની ઉપેક્ષા કરીને આપણે આર્થિક અને ભૌતિક વિકાસ સડ્યો પરંતુ આ પ્રકારની પ્રક્રિયા લાંબો સમય ચાલી શકે તેમ નથી આ માટે સમય આવી ગયો છે કે જયારે આપણો વિકાસની વ્યાખ્યા નવેસરથી વિચારવા ની જરૂરિયાત છે. પર્યાવરણની પરિપેશ્ય માં "આપણો વિકાસ કુદરતના ભોગે નહિ, પણ કુદરતની સાથે હોવો જોઈએ" આ માટે વિકાસનો નવો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો જેને ટકાઉ વિકાસ, નિરંતર વિકાસ અથવા સતત વિકાસ તરીકે ઓળખવામાં આવે છે.

## # <u>વિકાસ અને વિપરીત પરિણામો :</u>

માનવીએ માત્ર ભૌતિક સુવિધાના આશ્રયની કુદરતનું શોષણ કર્યું એટલું જ નહિ પણ આગળ વધી પોતાના કાલ્પનિક ખ્યાલોને સાકાર કરવા પણ કુદરતને અતિશય નુકશાન પહોચાડ્યું છે જેમ કે લોકો નરમ મુલાયમ પરિધાન (વસ્ત્રો) બનાવવા માટે અનેક પશુઓની હત્યા કરી નાખે છે અને પોતાના શોખ પુરા કરે છે તેવી રીતે માનવી વહુને વધુ ખનીજો પ્રાપ્ત કરવા માટે જમીનમાં ઊંડે ઊંડે સુધી ખાડાઓ કરી નાખ્યા અને પોતાની જરૂરિયાત સંતોષવા પર્યાવરણને ઘણું નુકશાન પહોચાડ્યું છે તેવી રીતે પાણી અને વિદ્યુત નો વધુ પડતો ઉપયોગ માટે મોટા મોટા બંધોનું નિર્માણ કરી કુદરતની સમતુલાને ખોરવી નાંખી બંધોનું નિર્માણ કરી માનવીએ પોતાનો વિકાસ તો કર્યો પણ કુદરતી આપત્તિઓને વિનાશ માટેનું આમંત્રણ આપ્યું જેમ કે શું ભૂકંપ એ કુદરતી હોનારત છે? ના તે કંઇક અંશે માનવ નિર્મિત છે કેમ કે પૃથ્વી પર ઊંડા ઊંડા ખાડા કરી ખનીજો બહાર કાઢી લીધા જેના પરિણામે તે ખાડાઓથી પૃથ્વીના ભૂગર્ભનું સમતુલન બગડ્યુંભૂગર્ભની પ્લેટોની રચનામાં જગ્યા પડી તેથી ભૂકંપની શક્યતાઓ વધી ગઈ છે.

ISSN NO: 2395-339X

તેવી જ રીતે જ્વાળામુખી પણ માનવી એજ આમંત્રણ આપ્યું ઊંડા ખાડાઓ ખોદી તેમાં પાણી ભરાયા તે પાણી ભૂગર્ભમાં ઊંડે જઈ ભૂગર્ભમાં ગરમી હતી તેમાં પાણીનો ઉમેરો થતા તે ગરમ વાયુ ભૂગર્ભમાંથી બહાર નીકળ્યા તેજ જ્વાળામુખી છે

આમ કુદરતી સંશાધનો જેવા કે જળ, ભૂમિ હવા, વન, અને જીવસૃષ્ટિ નો જરૂરિયાત કરતા વધુ ઉપયોગ માનવીએ કરવા માંડ્યો અને પોતાનો વિકાસ કુદરતના ભોગે પર્યાવરણને નુકશાન પહોચાડી કર્યો જેનાથી પ્રદૂષણ જેવી નવી સમસ્યાઓ ઉભી થઇ જેથી માનવી પોતાના વિકાસની સાથે સાથે પ્રદૂષણ નો પણ વિકાસ કરતો ગયો. અને પ્રદૂષણ નો વિકાસ એટલે માનવી અને પ્રાણીના જીવન માટેનો તથા પર્યાવરણ માટે સૌથી ભયાનક સમસ્યા ઉભી થઇ. પર્યાવરણની સમતુલા અને પ્રગતિ વચ્ચે સમતુલા ન જળવાય અને નવી નવી સમસ્યાઓ ઊભી થતી ગઈ અને તે બધી જ ભવિષ્યમાં માનવીના જીવન માટે ખતરા રૂપ સાબિત થશે.

## ⌗ 21 મી સદીમાં ટકાઉ વિકાસ ની સમતુલા જાળવવાના ઉપાયો:

કુદરતી સંસાધનોનો વિનાશ સર્જનારી અને થોડાક જ લોકોના વિકાસને ફાળો આપનારી આ વિકાસની એકાંકી તરાહનો અંત લાવી ટકાઉ વિકાસની એવી તરાહનો વિકાસ કરવો કે જેથી કુદરતી સંસાધનોનો નાશ નહિ પરંતુ સંવર્ધન થાય અને પર્યાવણનું જતન થાય જેથી પર્યાવરણ અને વિકાસ ની એક સમાન સમતુલા રહે તે માટે નીચે મુજબના ઉપાયો કરવા જરૂરી બન્યા છે.

## ⌗ કુદરતી સંસાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો:

હવા, પાણી, જમીન, જંગલો જીવસૃષ્ટિ વગેરેનો આપણે જેમ ફાવે તેમ ઉપયોગ કર્યો પરિણામે સંસધનોમાં ઝડપી ઘટાડો નોંધાયો તેથી આપણે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાથી ભવી પેઢી માટે જાળવી રાખીએ. વૃક્ષોને આયોજન પૂર્વક કાપીએ અને તેનાથી બમણા વૃક્ષ ઉછેરીએ તો જંગલોની સમતુલા જાળવી શકીશું અને આપણી જરૂરિયાત પણ સંતોષી શકીશું. પાણી અને જમીનનો પણ વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ દરેક વ્યક્તિએ પોતાની નૈતિક જવાબદારી સમજી કુદરતી સંસાધનોનો વિવેક પૂર્વક ઉપયોગ કરી જેથી પર્યાવરણ કુદરતી સમતુલા જળવાય રહે તો આવનારી સમસ્યાઓ ટાળી શકાશે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

⌗ **<u>માનવ વસવાટ :</u>**

વસ્તી વધારાની સાથે સાથે માનવ વસવાટની સમસ્યા ઉભી થઇ છે. શહેરીકરણના લીધે વ્યક્તિ ગામડું છોડી શહેરમાં વસવા લાગ્યો ગામડાનું મકાન બંધ પડી રહ્યું અને શહેરમાં નવું મકાન શોધવાની જરૂરિયાત ઉભી થઇ છે પરિણામે ફળદ્રુ પ જમીન રહેઠાણના વિસ્તારમાં ઉપયોગ થતો ગયો, મકાન બનાવવા માનવીએ જં ગલો કાપ્ય તેનો ઉપાય જોઈએ તો ગરમીન કક્ષાએ રોજગારીની તકો ઉભી કરવામાં આવે, ગામડામાં વિવિધ સુવિધાઓ આપવામાં આવે, શિક્ષણ, રોડ, પાણી, વીજળી અને અન્ય સુવિધાઓ આપવામાં આવે તો વ્યક્તિ શહેર તરફ વસવાટ કરવા ન જાય. તેનું કામકાજ પૂર્ણ કરી પાછો ગામડામાં આવી જાય તો તેના વસવાટ ની સમસ્યા ઉભી ન થાય ને પરિણામે પર્યાવરણનો બગાડ ન થાય.

⌗ **<u>રાસાયણિક કચરાનું વ્યવસ્થાપન :</u>**

આજે વિકાસની સાથે સાથે પૃથ્વી પર રાસાયણિક કચરો કેમિકલ, ઝેરી વાયુ કારખાનાઓ માંથી ઉત્પન્ન થતો કેમિકલ કચરો,રંગ રસયાન્યુક્ત પાણી બગેરે પ્રદુષણમાં વધારો કર્યો છે અને પર્યાવરણને નુકશાન પહોચાડ્યું છે તેના ઉપાય માટે આ કચરાના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થા કરવી જરૂરી છે. શક્ય હોય તેમાં રીસાયકલિંગ તેમજ શુદ્ધિકરણ કરવું જેથી ઉત્પન્ન થતા કચરાનો નિકાલ જેમ બને તેમ પર્યાવરણને ઓછું નુકશાન કરે તે પ્રમાણે વ્યવસ્થા કરવી જરૂરી છે. તેમજ સાથે જન જાગૃતિ દ્વારા સામાજિક સંગઠનો દ્વારા સ્રસયાનીક હાનીકારક કચરો ફેલાવતી સંસ્થાઓ, ઉદ્યોગો સામે ચળવળ ચલાવી તેના પર નિયંત્રણ લાવી શકાય તેમજ આના અનુસંધાને કડક કાયદા દ્વારા પણ નિયંત્રણ લાવી શકાય.ટૂંકમાં આવા કચરાનું બિન હાનીકારક રીતે પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે કરવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

⌗ **<u>ઔદ્યોગીકરણ :</u>**

ટકાઉ વિકાસ માટે ઉદ્યોગોની જરૂરિયાત છે. ઉદ્યોગો વગર ચાલે તેમ નથી અને ઉદ્યોગો પર્યાવરણને નુકશાન પહોચાડે તે પણ ન ચાલે તે માટે કેટલુંક નિયંત્રણ જરૂરી છે.જેમ કે પ્રદૂષણ કરતા ઉદ્યોગો પર નિયંત્રણ કરવું, ચોક્કસ નિશ્ચિત જગ્યાએ એવા ઉદ્યોગો સ્થાપવા, નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી ઉદ્યોગોમાં આધુનીકરણ લાવી પ્રદૂષણ અટકાવવાનો પ્રયત્ન કરવો, ઔધોગિક વિસ્તારોમાં વધુમાં વધુ નવા વૃક્ષો ઉછેરવા.ઔધોગિક કચરાનો યોગ્ય

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

નિકાલ કરવો, ધુમાડો ફેલાવતા ઉદ્યોગોમાં બળતણ તરીકે લાકડાના બદલે ગેસ નો ઉપયોગ કરવો જોઈએ. જેથી ધુમાડો ન થાય આવી રીતે નીવેક્ષણ કરવામાં આવે તો પર્યાવરણ પર તેની અસર ઓછી થાય.

⌗ **લોક ભાગીદારી અને જવાબદારી :**

ટકાઉ વિકાસમાં જેટલો સરકારી પ્રયાસ જરૂરી છે તેટલી જ જન જાગૃતિ અને લોક ભાગીદારી મહત્વની છે. વિકાસમાં જેમ લોક ભાગીદારી સફળતા પ્રાપ્ત કરે છે તેમ પર્યાવરણની સમતુલા જાળવવા માટે પણ લોક ભાગીદારી જરૂરી છે. એક થી વધુ વ્યક્તિઓ જયારે કોઈ જવાબદારી ઉપાડે છે. ત્યારે તેમાં સારું પરિણામ મળે છે પર્યાવરણ જાગૃતિ માટે જયારે લોગ ભાગીદારીથી કાર્ય થાય ત્યારે સારી સફળતા મળે છે. વ્યક્તિ જયારે પ્પોતાની જવાબદારી સમજીને પર્યાવરણનું જતન કરશે ત્યારે જ આપણને યોગ્ય પરિણામ મળશે. જેમ વિકાસની પ્રક્રિયાને વેગ મળે છે તેમ પર્યાવરણ સંરક્ષણમાં પણ જન ભાગીદારીથી વેગ મળશે

⌗ **જીવન ધોરણમાં બદલાવ લાવવો :**

માનવી વિકાસની દોડમાં એટલો આગળ વધી ગયો છે કે પોતાનું જીવન ધોરણ વિકસાવવા માટે પર્યાવરણને નુકશાન પહોચાડી રહ્યો છે. આજે માનવી પોતાનો વિકાસ વધુ વિકસિત બતાવવા માટે એક થી વધુ મોટરકારો, મકાનો, વસ્ત્રો વગેરે જરૂરિયાત કરતા પણ વધારે રાખવા માંડ્યો જેનાથી તેની અસર પર્યાવરણ પર પડી પોતાનો વિકાસ તો થયો પણ પર્યાવરણના ભોગે આમ જો માનવી પોતાના જીવન માટે પર્યાદિત પ્રમાણમાં ભૌતિક સુવિધાઓ નો ઉપયોગ કરે તો પર્યાવરણની અને વિકાસ સમતુલા જળવાય રહેશે કારણ ભૌતિક સુવિધાઓ પર્યાવરણના ભોગે જ વિકસે છે માટે માર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરવો.

⌗ **સમાપન :**

ઉપરોક્ત અભ્યાસ પરથી જાણી શકાય છે કે માનવી પોતાના વિકાસ માટે પર્યાવરણ સંપતિનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે માનવી નો વિકાસ મૂળનો કુદરતી સંપતિ આધારિત છે. કુદરતી સંપતિનો ઉપયોગ કરી પર્યાવરણની જાળવણી ની પરવા કાર્ય વગર પોતાનો જ વિકાસ કર્યો જેના પરિણામે આજે અનેક સમસ્યાઓનો સામનો આપણે જ કરવો પડે છે અને ભવિષ્યમાં પણ વી નવી સમસ્યાઓ આવવાની આમ માનવીએ પર્યાવરણને

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ખતમ કરી નાખ્યું તેજ રીતે હવે પર્યાવરણ માનવીને હેરાન કરી નાખશે જો અમને આમ જ વિકાસ થતો જશે તો પર્યાવરણ પ્રદૂષણ વધુ જશે અને પર્યાવરણ ની સમતુલા ખોરવાઈ જશે તેથી પૃથ્વી પર અવનવી ભયંકર સમસ્યાઓ આવતી રહેશેજો આ સમસ્યાઓને ટાળવા માટે આપણે અત્યારથી જ જાગૃત બની ને વિકાસ અને પર્યાવરણની સમતુલા જાળવવી પડશે તોજ આપણે આપનું ભવી જીવન ઉજળું બનાવી શકીશું

⌗ **સંદર્ભ સૂચી:**

1. ડૉ.જીજ્ઞેશ બી.પટેલ **(2008)** બી.એસ.શાહ પ્રકાશન–અમદાવાદ.
2. પારેખ એમ.જી.**(1994)**પર્યાવરણની સમસ્યાઓ.બાલ ગોબિંદ પ્રકાશન ટ્રસ્ટ–અમદાવાદ
   ત્રિવેદી મહેશ**(1994)**માનવ અને પર્યાવરણ. ભૌગોલિક પરિપેક્ષમાં–યુનીગ્રંથ નિર્માણ